### જિલ્લાના બજારોમાં દિવાળીની ખરીદીની ધીરે ધીરે જામતી રોનક

# દિવસ દરમ્યાન શુષ્ક બજાર સમી સાંજ પડે ગ્રાહકોની ભીડથી ઉભરાવવા લાગ્યું

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૭

દિપમાલા પર્વનો ટૂંકમાં પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના બજારોમાં દિવાળીની ખરીદીની ધીરે ધીરે રોનક જામવા લાગી છે. વેપારીઓએ પણ હવે ધીરે ધીરે ઘરાક આવતા હોવાનું જણાવ્યું છે. દિવસ દરમ્યાન શુષ્ક દેખાતું બજાર સાંજના ૫-૦૦ વાગતાં જ ગ્રાહકોની ભીડથી ઉભરાઈ રહ્યું છે. કાપડ તેમજ ઝવેરી બજારમાં સૌથી વધુ ભીડ જોવા મળી રહી છે. ત્યારબાદ ફટાકડા બજારમાં પણ હવે ખરીદીની સીઝન જામશે તેવું વેપારીઓએ અનુમાન લગાવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર પર્વાધિરાજ પર્વ દિપાવલીની આવતા સપ્તાહે જિલ્લાની પ્રજા ઉજવણી કરવાની છે. પાછલા ૨ વર્ષ દરમ્યાન કોરોનાના કારણે દિપમાલા પર્વની ઉજવણી અત્યંત શુષ્ક અને વેપારી બજાર માટે નિરાશ સાબિત થઈ હતી પરંતુ આ વર્ષે ધારણા કરતાં પણ વધુ સારો વરસાદ અને સરકારે પણ કર્મચારીઓના મોટાભાગના પ્રશ્નો સ્વીકારવાની સાથે કર્મચારીઓના પગારમાં પણ વધારો થયો છે. આગામી ૨ દિવસ દરમ્યાન સરકારી કર્મચારીઓના ખાતામાં ઓક્ટોબરનો પગાર જમા થઈ જવાનો છે તે જોતાં બજારો ઘરાકીથી હાઉસ્ફુલ થઈ શકે છે પરંતુ અત્યારે જિલ્લાના બજારોમાં દિવાળીના તહેવારને ધ્યાને રાખી અનેક પ્રકારનો સેલ ભરાયો છે. પાછલા એક સપ્તાહથી ઈલેક્ટ્રોનિક અને ઓટો બજારમાં ધૂમ ઘરાકી પછી હવે દિવાળીના તહેવારને કારણે કાપડ, વાસણ અને ઝવેરી બજારમાં સાંજ ઢળતાં હકડે ઠેઠ ભીડ જોવા મળી રહી છે. અનેક વેપારીઓએ જણાવ્યું કે પ્રજાને જાજી મોંઘવારી નડતી હોય તેવું દેખાતું નથી અને પ્રજા રકઝક કર્યા વગર જ ભાવ વેપારીઓને ચૂકવી રહી છે અને લોકોએ ઓનલાઈન ખરીદીને તિલાંજલિ આપવાનો લગભગ નિર્ણય કર્યો હોય તેવું પણ કેટલાક શહેરી વિસ્તારોમાં જોવા મળ્યું છે. જિલ્લાના હિંમતનગર, ઈડર, મોડાસા, તલોદ, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, વડાલી, બાયડ, ભિલોડા, માલપુર, મેઘરજ, ધનસુરા, વિજયનગર સહિતના બજારોમાં પાછલા ૨ દિવસથી ભીડના કારણે અનેક વેપારીઓ પણ હરખાઈ રહ્યા છે. આગામી ૪ દિવસ દરમ્યાન બજારોમાં ધુમ ઘરાકીની સંભાવના પણ વ્યક્ત થઈ રહી છે.

# ગાંધીનગર જિલ્લાની વેડા હાઈસ્કુલના પ્રમુખ તરીકે પુનઃ રમણલાલ વોરાની બિનહરીફ વરણી

### પારદર્શક વહીવટને પ્રજાએ બિરદાવ્યો



બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૭

ગાંધીનગર જિલ્લાની વેડા હાઈસ્કુલના પ્રમુખ તરીકે ફરી એકવાર ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ, શિક્ષણ મંત્રી રમણલાલ વોરાની બિનહરીફ વરણી થતાં સમગ્ર પંથકના વાલીઓમાં ખુશાલી છવાઈ છે. છેલ્લા ૧૦ વર્ષથી પ્રમુખ તરીકે અવિરત સેવાઓ આપી રહ્યા છે અને તેમના પારદર્શક વહીવટને ધ્યાને રાખી આગામી ૫ વર્ષ માટે તેમની પુનઃ પ્રમુખ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અંદાજીત ૧૦ હજારથી વધુ માનવ વસતી ધરાવતા વેડા ગામની મહેતા પી.કે.વિદ્યાલયમાં વેડા ઉપરાંત ગોવિંદપુર, હિંમતપુર સહિતના આસપાસના ગામડાના બાળકો ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી રહ્યા છે. રમણલાલ વોરાના પિતા ઈશ્વરભાઈ વોરાના દાતા તરીકે વિદ્યાલયની સ્થાપનામાં સહયોગ આપ્યો હતો. વર્ષ-૧૯૫૧માં મહેતા પી. કે. વિદ્યાલયનું નવિન મકાન બનાવવામાં આવ્યું. પાછલા ૧૦ વર્ષથી રમણલાલ વોરા પ્રમુખ તરીકે સેવાઓ આપી સંસ્થાની શૈક્ષણિક સહિત સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ વેગવંતી બનાવી હતી. તાજેતરમાં જ યોજાયેલી બેઠકમાં આગામી ૫ વર્ષ માટે પણ રમણલાલ વોરાને પ્રમુખ તરીકે વરણી કરાતાં કેળવણીકારો સહિત રાજકીય આગેવાનો અને ગ્રામજનોએ તેમની નિયુક્તિને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

### પોળો વિસ્તારમાં લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રીએ પહોંચ્યું

# જિલ્લામાં પરોઢે ૨૦ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે ઠંડીનો ચમકારો

### આવતા સપ્તાહથી હાડ થીજવતી ઠંડીની સંભાવના

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૭

જિલ્લામાં ચોમાસાની વિદાય થઈ છે અને હવે ઠંડીનું આગમન શરુ થયું છે. રવિવારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોમાં પરોઢે ૨૦ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. જ્યારે શિયાળ ખેતી માટે પિયત વિસ્તાર વધશે તે સાથે ઠંડી વધુ હાવિ બની શકે છે. જિલ્લાના વિજયનગર પોળો વિસ્તારમાં લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રીથી પણ નીચે પહોંચ્યું

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં પરોઢે મખમલી ઠંડી અને બપોરે ઉતાળા જેવી ગરમી અનુભવાય છે. જેથી બપોર દરમ્યાન ઠંડક આપતાં ઉપકરણોને જીવંત રાખવાની ફરજ પડી રહી છે. જો કે આગામી ૨ દિવસ દરમ્યાન છૂટા છવાયા વરસાદની આગાહીથી ફરી એકવાર ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ છે. પરંતુ જિલ્લામાં હવે ઠંડીનું આગમન થઈ ચૂક્યું છે. છેલ્લા ૪-૫ દિવસથી પરોઢે ઠંડીનો ચમકારો અનુભવાતો હતો પરંતુ હવે ઠંડી વધુ તિવ્ર થઈ રહી છે. પ્રજાને હવે ગરમ વસ્ત્રો પહેરવાં પડે તેવી સ્થિતિ પણ સામે આવી છે. રવિવારે જિલ્લાના અનેક પૂર્વ પટ્ટાના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી નોંધાતાં ઠંડીનો ચમકારો વધુ હાવિ થયાનું જોવા મળે. હવામાન વિભાગનું માનીએ તો જિલ્લામાં હવે રાત્રિના ૧૨-૦૦ થી પરોઢ દરમ્યાન તિવ્ર ઠંડીનો ચમકારો અનુભવાશે. આગામી એક અઠવાડીયું વાદળછાયું વાતાવરણ રહી શકે છે અને દિવાળી સમય દરમ્યાન હાડ થીજવતી ઠંડી પણ અનુભવાય તેવી સંભાવના વ્યક્ત કરી છે. હવામાન વિભાગની આગાહી જોતાં લાભપાંચમ થી દેવદિવાળી સુધીના સમયગાળા દરમ્યાન પ્રજાને ફરજીયાતપણે ગરમ વસ્ત્રોમાં લપેટાવું પડે તે પ્રકારે ઠંડીનો ચમકારો પ્રજાને ધ્રુજાવી દે તેવી શક્યતા સેવાઈ રહી છે.

## ધાનેરા નગરપાલિકાના પાણીના બોર પરથી કોન્ટ્રાક્ટરો અને મંડપવાળા રોજના ૨૦થી ૨૫ ટેકરોમાં પાણી ભરી જાય છે.... કોની મહેરબાની?



ધાનેરા તા.૧૭


લોકોને પીવાનું પાણી ટેક્રર દ્વારા મળતું નથી જ્યારે કોન્ટ્રાક્ટરોને અને મંડપવાળાઓ ને પાણી જેટલું જોઈએ મળી રહે છે. નગરપાલિકા એ પાણી આપવું એ શું કોન્ટ્રાક્ટરના ટેન્ડર માં લખેલું છે?ધાનેરા નગરપાલિકા માં લાલિયાવાડી ચાલતી રહે છે. જે દશ્ય નજરે જોવા મળી રહ્યું છે. ધાનેરા નગરપાલિકા દ્વારા બનતા રોડ તેમજ અન્ય કામ કોન્ટ્રાક્ટરને ટેન્ડર મારફતે આપવામાં આવેલ છે. જેમાં પાણીની જવાબદારી કોન્ટ્રાક્ટરની હોય છે .પરંતુ ધાનેરામાં નગરપાલિકાના બોરમાંથી પાણી લઈ જતા કોન્ટ્રાક્ટરો અને મંડપવાળાઓ ને કોઈ કેમ પૂછ્યું નથી? શું આ નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓની મીલીભગત છે? ધાનેરા નગરપાલિકાના બોરમાંથી કોન્ટ્રાકટર અને મંડપવાળાઓ ને આપવામાં આવતું પાણીની પાવતી પણ બનતી નથી. તેવું લોકો દ્વારા જાણવા મળેલ છે. વળી મંડપવાળા પણ પોતાના ટેક્રરો દ્વારા નગરપાલિકા નાં બોરમાંથી પાણી લઈ જતા જોવા મળી રહ્યા છે . તો આવી નગરપાલિકા માં મિલીભગત અને લાલિયાવાડી બંધ થાય તેવી લોકોને ની માંગ છે. લોકોને જ્યારે ટેક્રર દ્વારા પાણી ની જરૂર હોય તો ખૂબ જ પરેશાની ભોગવવી પડે છે.

જ્યારે આવાં કોન્ટ્રાકટરો મંડપવાળાઓ ને નગરપાલિકા નાં બોરમાંથી તે લોકોનાં ટેક્રરોમાં પાણી કોણ પુરૂં પાડી રહ્યું છે તે ચર્ચાનો વિષય છે.



સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ કેમ્પસ ખાતે નવચંડી યજ્ઞ સહિત ના કાર્યક્રમો યોજાયા. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર માં આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ એન્ડ સ્કુલ ખાતે કોલેજ સંચાલક એ.કે.પટેલ તથા ડાૅ.નૃપાંશભાઈ પટેલ દ્વારા નવચંડી યજ્ઞનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા સંગાસંબધીઓ સહિત નગરજનો વાલીઓ વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા તો યજ્ઞ, મહાઆરતી સહિત ના કાર્યક્રમો યોજાયા હતા.

# ડીસામાં નવા ઓવરબ્રિજના ડિવાઈડર સાથે ટ્રક ધડાકાભેર ટકરાતા ચાલકનું કમકમાટી ભર્યું મોત



ડીસા, તા. ૧૭

બનાસકાંઠા જિલ્લાના ડીસા- પાલનપુર હાઈવે પર નવા એલિવેટેડ બ્રિજ પાસે સોમવારે વહેલી સવારે ટ્રકનો ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અમદાવાદથી એક ટ્રક માલ ભરીને રાજસ્થાન તરફ જઈ રહી હતી. તે સમયે એલિવેટેડ બ્રિજ પાસે અચાનક ચાલકે સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવતા ટ્રક ડિવાઈડર સાથે ધડાકાભેર ટકરાઈને પલટી ખાઈ ગઈ હતી. જેથી કેબિનનો કચ્ચરઘાણ વળી ગયો હતો.જેમાં કેબિનમાં ફસાઈ ગયેલા ચાલકનું ઘટના સ્થળે કરુણ મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે આજુબાજુના લોકો દોડી આવી પોલીસને જાણ કરી હતી. ડીસા શહેર ઉત્તર પોલીસ બનાવ સ્થળે પહોંચી લાશને પીએમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડી આગળથી કાર્યવાહી હાથ ધરી હતી.

# બનાસકાંઠા જિલ્લામાં ભાજપની ગૌરવ યાત્રાનો ધમાકેદાર પ્રવેશ

ડીસા, તા. ૧૭

વિધાનસભાની ચૂંટણીના ભણકારા વચ્ચે ભાજપની ભરોસાની સરકારનો હિસાબ-કિતાબ જનતાને આપવા માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા ગત તારીખ ૧૨ અને ૧૩મી ઓકટોબરના રોજ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાના હસ્તે બહુચરાજીથી માતાના મઢ, દ્વારકાથી પોરબંદર ગુજરાત ગૌરવ યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું, જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સંત સવૈયાનાથજી ઝાંઝરકાથી સોમનાથ, ઉનાઈ માતાજી મંદિર ખાતેથી ફાગવેલ અને ઉનાઈથી અંબાજી સુધીની ભગવાન બિરસા મુંડા આદિવાસી ગૌરવ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. જે ગૌરવ યાત્રાનું બનાસકાંઠા જીલ્લામાં પ્રવેશી હતી




ત્યારે વડગામ ખાતે અર્બુદા સેનાના કાર્યકરો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું જેથી પોલીસે અર્બુદા સેનાના કાર્યકરોની અટકાયત કરી હતી ત્યારે કાર્યકરો એ ભાજપ વિરોધી નારા લગાવ્યા હતા ત્યારબાદ છાપી પાલનપુર ચડોતર ચંડીસર વગેરે જગ્યાએ વિવિધ સંગઠનોએ ભારતીય જનતા પાર્ટીની ગૌરવ યાત્રા નું ભવ્ય સ્વાગત કર્યું હતું જ્યારે ડીસા શહેરમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા તેમજ વિવિધ ભાજપના અગ્રણીઓ દ્વારા મુખ્યમંત્રીનુ ભેટ સોગાદ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા ત્યારબાદ ભારતીય જનતા પાર્ટીની ગૌરવ યાત્રા ધાનેરા પહોંચતા તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ યાત્રા જાહેરસભામાં ફેરવાઈ હતી, જ્યાં ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોર અને ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાતમાં ભાજપ ૧૫૦થી વધુ બેઠકો મેળવશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો સાથે ગુજરાત સરકારે કરેલ સારા કામોને લઈ ઠેરઠેર સારો પ્રતિસાદ મળ્યો છે. વધુમાં ઉલ્લેખનીય છે કે આ ગૌરવ યાત્રામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ, ડીસાના લોકલાડીલા ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા, બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, હરીભાઈ ચૌધરી, જિલ્લા પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણ, ડીસા શહેરના ભાજપ પ્રમુખ પ્રતિક પઢીયાર મહામંત્રી હકમાજી જોષી તથા રાકેશભાઈ પટેલ ભાજપના કાર્યકરો સાથે સમર્થકો અને વિવિધ મોરચાના હોદેદારો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



પ્રાંતિજ બેંક એટીએમમા પૈસા ઉપાડવા આવેલ ઓરાણના આધેડના સ્કુટરમાંથી સાપ નિકળ્યો : સાપ રક્ષક દ્વારા સાપને પકડીને જગલમા સુરક્ષા જગ્યાએ છોડી મુકાયો

# પ્રાંતિજના સાદોલીયા પાસે કાર અને ઈકોકાર વચ્ચે અકસ્માત

### સામ-સામે અકસ્માત માં ચાર ને ઇજાઓ પોહચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા : કાર અને ઈકો કાર વચ્ચે સામ-સામે અકસ્માત સર્જાયો



પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના સાદોલીયા પાસે કાર અને ઈકો કાર વચ્ચે સામસામે અકસ્માત સર્જાયો હતો જેમા ચાર ને ઈજાઓ પોહચતા સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા.

પ્રાંતિજ ના સાદોલીયા રોડ ઉપર બપોર ના સમયે ઈકોકાર નંબર-GJ16BG8992 તથા કાર નંબર -GJ27X7903 બન્ને વચ્ચે સામ-સામે અકસ્માત સર્જાયો હતો જેમા કાર ચાલક સહિત ઈકોકાર મા સવાર ત્રણ ને ઈજાઓ પોહચી હતી તો ઈજાગ્રસ્તો ને પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા તો અકસ્માત એટલો ભંયકર હતો કે કાર અને ઈકોકાર નો આગળ નો ભાગ કુચડો થઈ ગયો હતો તો અકસ્માત અંગેની જાણ પ્રાંતિજ પોલીસ ને થતા પ્રાંતિજ પોલીસ કોન્સ્ટેબલ જનકભાઈ પટેલ દોડી આવ્યા હતા અને અકસ્માત ને લઈ ને રોડ ઉપર થયેલ ટ્રાફિક હળવો કર્યો હતો અને આગળ ની તપાસ હાથ ધરી હતી.

# પ્રાંતિજ પોલીસે વડવાસા માંથી વિદેશી દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડયો

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના વડવાસા ખાતે ઘર આગળ જામફળી ના ઝાડ નીચે વેચાણ સારૂ સંતાડેલ ૧૪ બોટલ વિદેશી દારૂ ની બોટલ સાથે એક ઈસમ ને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડયો.

પ્રાંતિજ પોલીસ પ્રાંતિજ તાલુકાના વડવાસા ગામ બાજુ પોલીસ પેટ્રોલિંગ માં હતી તે દરમ્યાન તેવોને ખાનગી રાહે બાતમી મળી કે વડવાસા ગામમા રહેતો હિતેષસિંહ ઉર્ફે ભાવો જશવંત સિંહ મકવાણા કે પોતાના ઘર આગળ ખુલ્લી જગ્યા મા રહેલ જામફળી ના ઝાડ નીચે જમીનમા વિદેશીદારૂ વેચાણ સારૂ સંતાડી ને રાખેલ હોવાની બાતમી પોલીસ ને મળતા પેટ્રોલિંગ કરી રહેલ પ્રાંતિજ પોલીસ બાતમી વાળી જેતે જગ્યાએ તપાસ કરતા ઘર આગળ જામફળી ના ઝાડ નીચેથી ભારતીય બનાવટ ની વિદેશી દારૂ ની અલગ અલગ કંપની ની બોટલ કુલ-૧૪ જેની કિંમત ૯,૫૨૦ ના મુદ્દામાલ સાથે પ્રાંતિજ પોલીસે હિતેષસિંહ ઉર્ફે ભાવો જશવંત સિંહ મકવાણા ગામ વડવાસા તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા ની અટકાયત કરી આઈપીસીકલમ-૬૫(એ),(ઈ)૧૧૬(બી) મુજબ ગુનોનોધી આગળ ની કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામા આવી હતી.

# પ્રાંતિજ ગલેચી ભાગોળથી કોલેજ સુધીનો રોડ નવીન બનતા નગરજનામાં ખુશી

### પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય અને મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર દ્વારાની ગ્રાન્ટ માંથી રોડ બનાવવામા આવ્યો : રોડ બનતા રોજીદુ અવરજવર કરતા વાહન ચાલકોમાં ખુશી : ગણા વર્ષો બાદ રોડ બનતા નગરજનો સહિત ગામજનોમાં ખુશી



પ્રાંતિજ ૧૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ગલેચી ભાગોળ થી કોલેજ સુધીનો રોડ નવીન બનતા નગરજનો સહિત ૧૫ થી પણ વધારે ગામ ના લોકોમાં ખુશી જેવા મળી. પ્રાંતિજ ના ગલેચી ભાગોળ વિસ્તાર થી કોલેજ સુધી નો રોડ નવીન બનતા અહી રોજીદુ અવરજવર કરતા નાના મોટા વાહન ચાલકો સહિત પ્રાંતિજ તાલુકા ના ૧૫ થી પણ વધારે ગામો ના લોકો માં ખુશીજોવા મળી છે તો છેલ્લા કેટલાક વર્ષોથી આ રોડ ખાડાખડી અને આ રોડ ભંગાર બન્યો હતો અને રોડ ઉપર દોઢ થી બે ફુટ ઠેરઠેર ખાડાઓ પડયા હતા જયારે ભંગાર રોડ ને લઈ ને નગરજનો તથા આજુબાજુ ના ગામનો દ્વારા આ રોડ ને લઈ ને પ્રાંતિજ-તલોદ ના ધારાસભ્ય તથા મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર ને રજુઆત કરતા મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર દ્વારા તાત્કાલિક તેવોની ગ્રાન્ટ માથી ગ્રાન્ટ ફાળવવામા આવી હતી અને રોડ ટનાટન બની જતા અહીં થી અવરજવર કરતા વાહન ચાલકો સહિત પ્રાંતિજ નગરજનો સહિત આજુબાજુમા આવેલ કમાલપુર , કતપુર , લીમલા ,ઓરાણ , વડવાસા , તાજપુર , તાજપુર સહિત ના ૧૫ થી પણ વાધારે ગામો ના લોકો મા ખુશી જોવા મળી રહી છે.